પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્માંક:જી સીપી વિ.શા જાહેરનામું ૨૮૧૩ /૨૦૨૧ તારીખ :૧૦ /૦૭/૨૦૨૧

## -: જાહેરનામું :-

### ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:

આગામી તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ વડોદરા શહેર ખાતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિકળનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઇઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઇ મહાનુભાવશ્રીઓની અને જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના તમામા વિસ્તારોમાં " નો ડ્રોન ફલાય ઝોન " જાહેર કરૂ છું અને તે વિસ્તારમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન(DRONE), કવાડ કોપ્ટર(QUADCOPTER),પાવર્ડ એરક્રાફ્ટ(POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઇક્રો લાઇટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઇડર/પેરાગ્લાઇડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર, (PARA MOTORO) તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/કરવાની મનાઇ ફરમાવું છું.

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોકત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુકિત આપું છું.

આ હુકમ તા.૧૨/૦૭/૨૦૨૧ ના સવાર કલાક ૦૬/૦૦ થી કલાક ૧૯/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાંડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.



Scanned with CamScanner

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરરેટમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ.સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી.કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટેમાટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ.

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જય ભારત સહ નકલ રવાના :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.. ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી. વડોદરા રેન્જ. વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ. વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી. એડીશનલ સેશન્સ કોર્ટ. વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી. ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ. વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી. વડોદરા શહેર. વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી. વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય. વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી. રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી. વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન. વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી. સેસન્સ કોર્ટ. વડોદરા.

(૧૧) મેનેજરશ્રી.સરકારી પ્રેસ.વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી. વડોદરા શહેર.

(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી. વડોદરા તાલુકા. વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી. કોઠી કચેરી. વડોદરા.

ર/- સ્થાનિક વર્તમાન પત્રોમા તથા ચેનલોમા વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધ કરવા વિનંતી સહ



Scanned with CamScanner